# મહારાષ્ટ્રમાં ભારે મેઘ ખાંગા



મુંબઈ, તા.૧૨

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે આના કારણે ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ છે. ઘણી લાંબા અંતરની ટ્રેનોને રદ કરવાની પણ ફરજ પડી છે. છેલ્લા બે દિવસથી પડી રહેલા અવિરત વરસાદના પરિણામસ્વરૂપે મુબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શુક્રવાર સવારથી જ મુંબઈમાં રોડ અને રેલવે ટ્રાફિકસેવા ખોરવાઈ ગઈ હતી. ઓફીસે જતા લોકો અટવાઈ પડ્યા હતા. સેન્ટ્રલ રેલવે અને વેસ્ટર્ન રેલવે નેટવર્ક ઉપર ઘણી જગ્યાઓએ પાણી ફરી વળ્યા હતા. રેલવે ટ્રેક પર પાણી ફરી વળવાના કારણે ટ્રેનોને રોકી દેવાની ફરજ પડી હતી. ઉત્તર-પશ્ચિમ મહારાષ્ટ્ર અને અન્ય ભાગોમાં વરસાદથી મુંબઈ-અમદાવાદ અને મુંબઈ-નવી દિલ્હી સેક્ટર પર ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં સૌથી વધારે અસર જોવા મળી રહી છે. સ્ટેશનમાં પણ પાણી ભરાઈ ગયા છે જેથી લોકલ અને લાંબા અંતરનીટ્રેનોને રોકી દેવાની ફરજ પડી છે. બે રૂટ મુંબઈ-અમદાવાદ અને મુંબઈ-નવી દિલ્હી પર ઘણી ટ્રેનોને રોકવામાં આવી છે. જ્યાં સુધી પાણી ન ઉતરે ત્યા સુધી આ ટ્રેન સેવાને બંધ રાખવામાં આવશે. થાણે જિલ્લામાં પણ રેલવે ટ્રેક પર પાણી ફરી વળ્યા છે. નાલાસોપારા, મુંદ્રા, થાણે, દિવા અને અન્ય સ્થળો ઉપરની તમામ ટ્રેનોમાં વિલંબ થયો છે. મુંબઈના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે જેથી વાહનોને અસર થઈ છે. મુંબઈ હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે સવારથી જ દક્ષિણ મુંબઈમાં ભારે વરસાદ નોંધાયો છે. હવામાન બ્યુરોના ડિરેક્ટર વીકે રાજીવે કહ્યુ છે કે ભારે વરસાદ હજુ પણ મુંબઈ, દરિયાકાંઠાના કોકણ, રાજ્યના અન્ય ભાગોમાં આગામી બે દિવસ સુધી પડી શકે છે. મુંબઈ શહેરમાં આશરે ૫૫ ટકા વરસાદ અને આસપાસના વિસ્તારોમાં વાર્ષિક સરેરાશ ક્વોટાના ૪૭ ટકા જેટલો વરસાદ થઈ ચુક્યો છે. ગુરુવાર અને બુધવારના દિવસે પણ મુંબઈમાં ભારે વરસાદ પડ્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ બોરીવલ્લી અને ગોરેગાવ વચ્ચે ભારે બ્લોકની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં મેન્ટનન્સ કામ પૂર્ણ કરવામાં ઘણો સમય લાગે તેવી શક્યતા છે. અપ અને ડાઉન લોકલ લાઈન પર ટ્રેક, સિગ્નલીંગની વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. બ્લોકના ગાળા દરમિયાન તમામ અપ અને ડાઉન સ્લો લાઈન ટ્રેનો બોરીવલ્લી અને ગોરેગાવ સ્ટેશન વચ્ચે દોડાવવામાં આવશે.

## ૨૦૦૯ લોકસભા ચૂંટણીમાં ૪૫૦ દોષિત ચહેરાઓ હતા

નવી દિલ્હી,તા. ૧૨

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સુપ્રીમ કોર્ટ એક પછી એક મહત્વપૂર્ણ ચુકાદા આપવામાં વ્યસ્ત છે. સુપ્રીમ કોર્ટે હવે રાજકારણના અપરાધીકરણને રોકવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું લીધું છે. જેના ભાગરૂપે ઘણાં ટોચના નેતાઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સુપ્રીમ કોર્ટે હવે એક કઠોર ચુકાદો આપતા કહ્યું છે કે જે લોકોને સજા થઈ ચૂકી છે તેવા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરી શકશે નહીં. જેલમાં રહેલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહી શકશે નહીં. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણી દરમિયાન હવે અપરાધી ઉમેદવારો મેદાનમાં નહીં ઉતરી શકે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ડેમોક્રેટીક રિફોર્મ (એડીઆર) દ્વારા તૈયાર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૧૫૦ મત વિસ્તારોમાં એવા ઉમેદવારો છે જે ઉમેદવારો સામે ઘણા બધા ફોજદારી આરોપોવાળા કેસો રહેલા છે. જ્યારે ૫૬ એવા મત વિસ્તાર છે જે મત વિસ્તારમાં ૫થી વધુ ઉમેદવારો કલંકીત છે. આ અભ્યાસ વર્ષ ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણી પહેલા ઉમેદવાર દ્વારા સુપરત કરવામાં આવેલી એફીડેવીટના આધાર ઉપર આધારિત છે.

ગંભીર આરોપની વાત કરવામાં આવે તો હત્યા, બળાત્કાર, અપહરણ, ખંડણી, ચોરી, ધાડ, લૂંટ અને ફોર્જરીનો સમાવેશ થાય છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓનું ચિત્ર પણ વધારે સારું નથી. તમામ રાજ્ય વિધાનસભામાંથી ૪૦૩૨ વર્તમાન સાંસદો પૈકી ૧૨૫૮ ધારાસભ્યો અથવા તો ૩૧ ટકા ધારાસભ્યો ગુનેગારી કેસો ધરાવે છે. રાજકીય પક્ષોની વાત કરવામાં આવે તો ભાજપના નેતાઓ સૌથી આગળ રહ્યા છે. ૧૧૮ સભ્યો અથવા તો ૧૨ ટકા નેતાઓ સામે જુદા જુદા કેસો રહેલા છે. વર્ષ ૨૦૦૯માં યોજાયેલી સામાન્ય ચૂંટણી દરમિયાન ૫૪૫ લોકસભાની બેઠકો પૈકી ૪૫૦ લોકસભાની બેઠકમાં કલંકીત ચહેરાઓ સપાટી ઉપર આવ્યા હતા જેમની સામે ગંભીર પ્રકારના આક્ષેપો પેન્ડીંગ રહેલા છે.

## મહેન્દ્રસિંહ ધોનીની ધૂંઆધાર બેટીંગથી ટીમ ઈન્ડિયાનો વિજય

નવીદિલ્હી, તા. ૧૧

ટીમ ઈન્ડિયામાં ઈજા બાદ પરત ફરેલા કેપ્ટન મહેન્દ્ર ધોની દ્વારા ઈજા બાદ રમવામાં આવેલી પ્રથમ મેચની છેલ્લી ઓવરમાં ધુંઆધાર બેટીંગ કરીને ભારતને જીત અપાવી હતી. વેસ્ટઈન્ડિઝના ક્વિઝપાર્ક ઓવેલ મેદાનમાં રમાયેલી મેચને ભારતીય ટીમે એક વિકેટથી જીતી લીધી હતી. મેચની સમાપ્તી બાદ બે બોલ બાકી રહ્યા હતા. ગયા મહિને ઈંગ્લેન્ડમાં ચેમ્પિયન ટ્રોફીમાં જીત હાંસલ કરનારી ટીમ ઈન્ડિયાએ આ સિરિઝમાં શરૂઆતથી જ બે મેચ હાર્યા બાદ મહત્વપુર્ણ પ્રદર્શન દ્વારા આ સિરિઝમાં પોતાની જગ્યા બનાવી હતી. ટોસ હાર્યા બાદ પ્રથમ શ્રીલકાની ટીમને પ્રથમ બેટીંગ કરવા માટે આમંત્રણ ટીમ ઈન્ડિયાએ આપ્યું હતું.

શ્રીલંકાએ પ્રથમ બેટીંગમાં માત્ર ૨૦૨ રન જ બનાવ્યા હતા. જ્યારે ૨૦૨ રનના લક્ષ્યનો સામનો કરી રહેલી ટીમ ઈન્ડિયાની સ્થિતિ ખૂબ જ ખરાબ હતી ખરાબ શરૂઆતમાંથી ટીમ ઈન્ડિયાએ ખૂબજ મહેનત બાદ સમગ્ર મેચને




જીતમાં પલ્ટી નાંખી હતી. શ્રીલંકાના બોલર રંગન હેરાજ દ્વારા ભારતની ટીમ માટે મુશ્કેલી સર્જવામાં આવી હતી. પરંતુ ભારતીય ટીમે નમતું જોખ્યું ન હતું અને એક સમયે અત્યંત ખરાબ સ્કોર બનાવનારી ભારતીય ટીમે જીત હાંસલ કરી હતી.

ભારતીય ટીમે શરૂઆતમાં જ માત્ર ૪ વિકેટ ખોઈ હતી તે સમયે ભારતીય ટીમનો સ્કોર માત્ર ૨૦ રનનો જ હતો. પરંતુ ધોનીએ સમગ્ર મેચને ખૂબ જ સફળતાપૂર્વક મેનેજ કરતા ટીમ ઈન્ડિયાને ૪૯.૪ ઓવરમાં જીત પ્રાપ્ત થઈ હતી જો કે ભારતીય ટીમ પાસે માત્ર એક જ વિકેટ બચી હતી. ભારતીય ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ૫૨ બોલમાં ધમાકેદાર બેટીંગ કરીને ૫ ચોક્કા અને બે છક્કા ફટકારી હરીફ ટીમનો સફાયો બોલાવ્યો હતો. નોંધનીય છે કે ભારતીય ટીમના ૧૫૨ રન સમયે ભારતીય ટીમે ૭ વિકેટ ગુમાવી દીધી હતી. ધોનીએ ખૂબ જ મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવતા ભારતીય ટીમનો વિજય માટેનો માર્ગ મોકળો બન્યો હતો. મહેન્દ્રસિંહ ધોની સાથે રોહિત શર્મા દ્વારા ૫૮ રન કરવામાં આવ્યા હતા. જ્યારે સુરેશ રૈનાએ ૩૨ અને દિનેશ કાર્તિકે ૨૩ રન કર્યા હતા. છેલ્લી ઓવરમાં ભારતને જીત માટે ૧૫ રનની જરૂર હતી શરમિંદા ઈરંગાની ઓવરમાં એક બોલ વાઈટ બોલ નખાતાં ટીમ ઈન્ડિયાને એક રન પ્રાપ્ત થયો અને એક બોલ પણ વધુ પ્રાપ્ત થયો હતો. અને આ બોલ બાદ તરત જ મહેન્દ્રસિંહ ધોની દ્વારા એક છક્કો મારવામાં આવ્યો હતો. અને ત્યાર બાદ મહેન્દ્રસિંહ ધોનીએ શમિંદાની આજ ઓવરમાં ત્રીજા બોલે એક ચોક્કો માર્યો હતો. અને ફરીથી ચોથા બોલે છક્કો માર્યો હતો. અને બાદમાં બે બોલ બચ્યા હતા અને ભારતીય ટીમની શાનદાર જીત થઈ હતી.

## ઓડીની 'એસ-૬' કાર લોન્ચ : કિંમત ૮૬ લાખ

નવી દિલ્હી, તા.૧૨

લકઝરી કારનું વેચાણ કરતી મહાકાય કંપની ઓડીએ ભારતમાં આજે તેની લકઝરી સ્પોર્ટસ કાર એસ-૬ રજુ કરી હતી. આ કારની કિંમત ૮૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે. દિલ્હીમાં એક્સ શો રૂમ પર આ કારની કિંમત ઉપરોક્ત રાખવામાં આવી છે.




આ કાર આજથી ભારતમાં ઓડીના તમામ ડિલરશીપ પર ઉપલબ્ધ રહેશે. સેડાન-એ-૬ની સ્પોર્ટસ આવૃત્તિ પૈકીની આ ગાડી છે. આ કાર ૪.૬ સેકન્ડમાં ઘણું અંતર કાપી શકે છે. આ કાર ખૂબ ઝડપથી ગતિ પકડી શકે છે. આ કાર નવા વિકસીત કરવામાં આવેલા હાઈપરફોર્મન્સ ચાર લીટર, વી-૮ સિલિન્ડર એન્જિન સાથે સંકળાયેલી છે. ઓડીનું બજાર ભારતમાં દિનપ્રતિદિન વધી રહ્યુ છે. ઓડી એસ-૬માં ઘણી વિશેષતાઓ રહેલી છે. તેમાં અતિઆધુનિક સુવિધાઓનું ધ્યાન રાખવામાં આવ્યુ છે. જૂન ૨૦૧૩માં ઓડીએ ૭૫૦ કારનું વેચાણ કર્યુ હતુ. તેના કાર વેચાણમાં ચાર ટકાનો ગ્રોથ નોંધાયો છે. ઓડી ભારતમાં તેના નેટવર્કને વધારીને ૩૪ ડિલરશીપ સુધી લઈ જવાની યોજના ધરાવે છે.

## ટુજી કેસ : સીબીઆઈની અરજી કોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીની કોર્ટે ભૂતપૂર્વ કોર્પોરેટ લોબિસ્ટ નિરા રાડિયાની ટેપમાં થયેલી વાતની સીડી ઓન રેકોર્ડ રજુ કરવાની માંગ કરતી સીબીઆઈની અરજીને આજે ફગાવી દીધી હતી. આ ટેપમાં રેડિયો વેવ્સની ફાળવણી સાથે સંબંધિત બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ આ અરજીને ફગાવી દઈને કહ્યુ હતુ કે એવું લાગે છે કે સીબીઆઈ આ મામલામાં ગંભીર દેખાઈ રહી નથી કારણ કે આરોપી સમક્ષ ચોક્કસ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા નથી. આરોપીને પત્ર સાથે સંબંધિત બાબતો રજુ કરવામાં નિષ્ફળતાના અનુસંધાનમાં આ અરજી ગંભીર દેખાઈ રહી નથી. કોર્ટે ઘણી બધી બાબતોની નોંધ લીધી હતી. ડિફેન્સ દ્વારા આનો જોરદાર વિરોધ કરવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લખેનીય છે કે સીબીઆઈ જજ ઓપી સૈની નિરા રાડિયા સાથે સંબધિત સીડીને ઓન રેકોર્ડ મૂકવા સીબીઆઈની અરજી સાથે સંતુષ્ટ દેખાઈ રહ્યા ન હતા. ટેપમાં ગંભીર બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## અંકુશરેખા પર પાકિસ્તાન દ્વારા ફરી વખત ગોળીબાર

જમ્મુ, તા.૧૨

જમ્મુ કાશ્મીરના જમ્મુ જિલ્લામાં અંકુશરેખા પર અગ્રિમ ભારતીય ચોકી પર પાકિસ્તાની સૈનિકોએ આજે ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં કોઈને પણ કોઈ ઈજા થઈ નહતી પરંતુ તંગદિલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની રેન્જર્સોએ જમ્મુ જિલ્લાના આરએસપુરા પટ્ટાના આંતરરાષ્ટ્રીય સરહદ પર પિંડી અગ્રિમ ચોકીમાં સરહદી આઉટપોસ્ટ પર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સૈનિકો દ્વારા નાના હથિયારોથી આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેના લીધે ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય સરહદી સુરક્ષાદળના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. બીએસએફ દ્વારા કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં ગોળીબારથી સામસામે કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. આ ગોળીબારમાં કોઈને પણ કોઈ ઈજા થઈ ન હતી. ૨૬મી જૂનના દિવસે અંકુશરેખા પર યુદ્ધવિરામનો પાકિસ્તાની સૈનિકોએ ભંગ કર્યો હતો. જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં આશરે ૩૦ મિનિટ સુધી બિનઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કરવામાં આવ્યો હતો. છેલ્લા મહિનામાં પાકિસ્તાન દ્વારા પાંચ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. ભારતીય સેના દ્વારા વારંવાર ઉચ્ચસ્તરે રજુઆત કરવામાં આવી હોવા છતાં આ સિલસિલો જારી રહ્યો છે. ભારત સરકારે પણ પાકિસ્તાનને આ અંગે જાણ કરી છે. પાકિસ્તાની સેના આતંકવાદીઓને જમ્મુ કાશ્મીરમાં ઘૂસાડવાના હેતુસર વારંવાર ગોળીબાર કરે છે. સેંકડો આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘૂસણકોરી કરવા માટે હજુ પણ સજ્જ થયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં તાજેતરમાં જ નવાઝ શરીફની સરકાર બન્યા બાદથી પાકિસ્તાનમાંથી આતંકવાદીઓની ઘૂસણખોરી અને સરહદ પારથી ગોળીબારના બનાવોમાં સતત વધારો થયો છે. નવાઝ શરીફ સંબંધો સુધારવાની વાત કરી રહ્યા છે પરંતુ સરહદો પર ગોળીબારને રોકી શક્યા નથી.

## બિહાર : નૌકા ઉંધી વળી જતા ૧૦ બાળકના મોત

માધેપુરા, તા.૧૨

બિહારમાં નૌકા દુર્ઘટનામાં નવ બાળકોના મોત થયા છે. કુલ ૧૦ લોકોના મોત થયા છે. મળેલી માહિતી મુજબ માધેપુરાની કોશી નદીમાં પાણીના પ્રવાહમાં સ્થાનિક નૌકા ઉંધી વળી જતા આ બનાવ બન્યો હતો.

આ નૌકામાં કુલ ૧૧ લોકો મુસાફરી કરી રહ્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ ઉપેન્દ્ર કુમારે ગઈકાલે મોડી રાત્રે માહિતી આપતા કહ્યુ હતુ કે આ બનાવ ગઈકાલે મોડી રાત્રે ૧૦.૩૦ વાગ્યે બન્યો હતો. મૃતકોમાં પાંચ બાળકી અને ચાર કિશોરોનો સમાવેશ થાય છે. તમામની વય ૮થી ૧૨ વર્ષની હોવાનું જાણવા મળ્યુ છે. રતવાડા પોલીસ આઉટ પોસ્ટ વિસ્તારમાં આલમનગર બ્લોકમાં આ બનાવ બન્યો હતો. મોનસૂનની શરૂઆત થયા બાદથી જ કોશી અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી હાલના દિવસોમાં વધી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે માધેપુરા જનતાદળ યુનાઈટેડના રાષ્ટ્રીય પ્રમુખ શરદયાદવના સંસદીય મતવિસ્તાર પૈકી છે જેથી આ બનાવથી લોકોમાં રોષ પણ છે.

## પીસીની દુનિયામાં લેનોવો હવે પ્રથમ નંબરની કંપની

નવી દિલ્હી,તા. ૧૨

પીસીની દુનિયામાં ચીનની મહાકાય કોમ્પ્યુટર કંપની લેનોવો પ્રથમ નંબર ઉપર પહોંચી ગઈ છે. તે હેવલેટ પેકાર્ડ (એચપી)ને પાછળ છોડીને દુનિયાની નંબર વન પર્સનલ કોમ્પ્યુટર પીસી કંપની બની ગઈ છે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આઈડીસી અને ગાર્ટનરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે પીસી મોકલવાની દૃષ્ટિએ લેનોવો પ્રથમ નંબરની કંપની બની ગઈ છે. આઈડીસીએ વર્ષ ૨૦૧૩ના બીજા ત્રિમાસિક ગાળામાં સાફ શબ્દોમાં જણાવ્યું છે કે લેનોવોની પીસી બજારમાં હિસ્સેદારી રેકોર્ડ ગતિએ વધી ગઈ છે. તેની બજાર હિસ્સેદારી ૧૬.૭ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. બીજી બાજુ અન્ય કંપની ગાર્ટનરે કહ્યું છે કે આ કંપનીનીહિસ્સેદારી ૨૦૧૩ના બીજા ત્રિમાસિક ગાળામાં વધીને ૧૬.૭ ટકા થઈ ગઈ છે. લેનોવો હજુ પણ વધુ ઝડપથી નેટવર્કને ફેલાવવામાં વ્યસ્ત બનેલી છે. કંપની સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે પીસી માર્કેટમાં તેની વિશ્વસનીયતા અને પ્રોડક્ટની ગુણવત્તાની પણ નોંધ લેવામાં આવી છે. લેનોવો અને પેકાર્ડ વચ્ચે છેલ્લા ઘણા સમયથી પીસી માર્કેટના ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા ચાલી રહી હતી. આખરે લેનોવોએ ટૂંકાગાળાની અંદર જ અન્ય મહાકાય કંપની હેવલેટ પેકાર્ડને પાછળ છોડી દઈને નંબર વન કંપની બની ગઈ છે. આઈડીસીએ વર્ષ ૨૦૧૩માં પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે બજાર સાથે સંકળાયેલી તમામ બાબતોને ધ્યાનમાં લઈને તથા લોકો સાથેના અભિપ્રાય મેળવીને આંકડા જારી કરવામાં આવ્યા છે. લેનોવો અને હેવલેટ વચ્ચે હજુપણ તીવ્ર સ્પર્ધા છે. બીજી બાજુ હેવલેટનું કહેવું છે કે તેની લોકપ્રિયતા અકબંધ રહી છે. તેને કોઈપણ નુકસાન થયું નથી. આવનાર દિવસમાં તેની બોલબાલા ફરી એકવાર વધશે.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

'હાં અહીંનો એ પહેરવેશ છે. તું જોતી નથી. ચિદંમબરમ્ અને દક્ષિણ ભારતના આપણા મિનિસ્ટરો લોક્સભામાં અને દિલ્હીની બધી સમારભોમાં લૂંગી પહેરીને જ ફરતા હોય છે ને.'

'હાં, અહીંની સ્ત્રીઓની સાડી પહેરવાની પણ ખાસ સ્ટાઇલ દેખાય છે નંઇ અને જે પુરૂશો પેન્ટ શર્ટ પહેરે છે તે પણ ઇનશર્ટ કરતા નથી.'

'તું બહું સુક્ષ્મ નિરીક્ષણ કરવા લાગી છે.'

'હાં મને એમાં બહુ મજા પડે છે. એટલું સારૂં છે કે બોર્ડમાં સ્થાનિક ભાષા સાથે હિન્દીને અંગ્રેજીમાં સ્ટેશનનાં નામો લખ્યાં છે. નહીંતર આ જલેબી ભાષાની લીધી તો આપણએ ઉકેલી જ ન શકીએ.'

'આ સાંભળી બધાં હસી પડ્યાં. લગભગ ચાર વાગે ચેન્નાઇ આવી ગયું. હાશકાર સાથે સૌ ટ્રેનમાં ઉતરવા અધીરા બન્યા. આવજો. ફરી મળીશું નો સીલસીલો શરૂ થયો. મોબાઇલ નંબરની આપ-લે થઇ અને ટ્રેન ઊભી રહેતાં સૌ પ્લેટફોર્મ પર ઉતર્યા. પ્લેટફોર્મ બહુ વિશાળ હતું તેથી કદાચ અમદાવાદ જેવી ભીડભાડ લાગતી ન હતી. સ્ટેશનની બહાર નીકળી શાહુકાર પેટ ગુજરાતી મંડળ ખાતે રીક્ષા દ્વારા સૌ પહોંચી ગયા.'

આંદામાન સાથે આવનારાં સૌને અહીં પરિચય થયો. ગાંધીનગરમાં રહેતાં હોવાં છતાં અપરિચિતો વચ્ચે પરિચયનો સેતુ બંધાયો. ગુજરાતી મંડળ ખાતે રૂમો સારી હતી. સામાન મુકી નાહીધોઇ ફ્રેશ થઇ સૌ ચ્હા પાણી પીતા હતા. ત્યાં ઉપેન્દ્રભાઇએ કહ્યું કે 'અહીં ડાયમો માર્કેટ' નજીકમાં જ છે. ત્યાં જવેલરી જોવા જવું હોય તો હું સાથે આવું છું. આ સાંભળીને નારીવૃંદ ઉત્સાહવામાં આવી ગયું. એ લોકો શોપીંગમાં ગયા એટલે પુરૂષોમાંથી કેટલાક નજીકનાં ફરવા નીકળી પડ્યા. કોઇ ત્યાં જ બેસી ટોળટપ્પા કરતા હતા તો અમુકે રૂમ પર જઇ આરામ કરવાનું પંસદ કર્યું.

રાત્રી રોકાણ પછી સવારે એરપોર્ટ જવાનું હતું. ત્યાંથી જુદા જુદા ગ્રુપમાં એન જુદી જુદી એરલાઇન્સના પ્લેનમાં સૌને પોર્ટ બ્લેર પહોંચવાનું હતું. તે મુજબ સૌ પોતપોતાની રીતે બસમાં કે ટ્રેક્ષી દ્વારા એરપોર્ટ જવા લાગ્યાં.

વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં ચેન્નાઇ શહેરનાં જનજીવનનું અવલોકન કરતાં કરતાં અમે પણ એરપોર્ટ પહોંચ્યા. દૂરથી જ ઉડાન ભરતાં વિમાનો દેખાતાં હતાં. વિશાળ એરપોર્ટનાં આંગણમાંથી ટ્રોલીઓમાં સામાન મુકી સૌએ અંદર પ્રવેશ કર્યો.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● **ટનટનિયો (બાળવાર્તાઓ)**

**લેખક : નટવર પટેલ, કિંમત : રૂા. ૮૦/-**

નટવર પટેલ આપણા ખુબ જાણીતા અને લોકપ્રિય બાળવાર્તાકાર છે. તેમની આ વાર્તાઓ તેમને પ્રથમ પુરૂષ એક વચનમાં કહી છે. બાળવાર્તાઓમાં કલ્પનાનું ઉડ્ડયન અને ચમત્કારનું તત્વ બાળવાર્તાનો પ્રાણ બને છે. અહીં ઘંટ સજીવ બની બોલે છે. વંદો ભણળા જાય છે. ઉંદરને બિલ્લી દિલ્હીજાય છે. ઢીંકાભાઇ ફરવા જાય છે. સંગ્રહમાં કુલ ૧૭ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ભોપો અને ટોપો, મરકી અને બરકી, એક હતા ચાડિયા ભાઇ, બાળક અને ભગવાન વાર્તાઓ પણ બાળકોને ગમી જાય તેવી છે. લેખકને પ્રયત્ન અભિનંદનના અધિકારી બનાવે છે.

● **શ્રેષ્ઠ ગુજરાતી બાળવાર્તાઓ**

**સં. જગતમિત્ર, કિંમત : રૂા. ૮૫/-**

ગુજરાતીમાં લકતા બાળવાર્તકારો પૈકી ૨૧ જેટલા વાર્તાકારોની વાર્તાઓનું આ સંપાદન છે. આ બાળવાર્તાઓમાં કેટલીક પરંપરિત ઢબનીત વાર્તાઓ છે તો તે સાથે ઘણા જૂના અને અનુભવી વાર્તાકારોની સાથે શક્તિશાળી નવોદિતોને પણ સમાવ્યા છે. સંગ્રહમાં હયાત વાર્તાકારોને જ સમાવ્યા છે. વળી શ્રેષ્ટ બાળવાર્તા અંગે સંપાદકનો મત એવો છે કે બાળભોગ્ય, શૈલીમાં લખાયેલી, બાળકના રસરૂચીના જાણવણી કરે, આદિથી અંત સુધી બાળકને વાંચવી ગમે એવી અને બાળકને અપ્રત્યક્ષ રીતે કંઇક શીખવે એવી વાર્તાઓને આ સંપાદનમાં સમાવી સંપાદકે એક ખુબ સારો પ્રયત્ન કર્યો છે.

## સમાચાર ઝલક

- તા.૩૦મી જુલાઇનાં રોજ મળનારી રીઝર્વબેંક નીતિ સમીક્ષા બેઠકમાં વ્યાજદરમાં વધારો ઘટાડો થવાની શક્યતા નહીં.
- ધૂમ્રપાનના કારણે દર વર્ષે ૬૦ લાખના મોત થાય છે.
- સુપ્રીમકોર્ટના ચુકાદાઓ બુઠ્ઠા કરી નાખવા રાજકીય પક્ષો મેદાનમાં.
- સૌરાષ્ટ્ર-કચ્છમાં હાઇકોર્ટની ચલન બેન્ચની મંજૂરી માંગતા કોંગ્રેસીજનો.
- મુખ્યમંત્રીને મળેલ ભેટ-સોગાદોની હરાજી તા. ૨૯ થી ૩૧ જુલાઇએ રાજકોટમાં યોજાશે.
- જામનગરમાં પોલીસ ઇન્સ્પેક્ટર ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ.
- ઇમાનદારીનું ઇનામ - ઉત્તરપ્રદેશમાં ભૂતપૂર્વ ધારાસભ્યના અંતિમ સંસ્કાર માટે લોકફાળો ઉઘરાવવો પડયો...!
- અંબાણી બંધુઓ વધુ એક 'કરાર' કરવા તૈયાર
- શિરડીનું સાંઇબાબા મંદિર, દિલ્હીનું અક્ષરધામ મંદિર, મુંબઇનું સિદ્ધિ વિનાયક મંદિર આતંકવાદીઓનાં હિટલીસ્ટમાં.
- ભારતના ભાવિ નીતિ અંગે અમેરિકાને માહિતીગાર કરવા મનમોહનસિંહ ઓબામાને મળશે.
- માંડલ-બહુચરાજી 'સર' અંગે સરકારના નિર્ણય માટે મન ખુલ્લા.
- અમરેલીમાં ૧૪૫ કિલો નકલી બદામ કબ્જે કરાઇ.
- ૬૪મા જન્મદિવસે સુનિલ ગાવસ્કરને ક્રિકેટ કલબ ઓફ ઇન્ડિયાની લીઝેન્ડ કલબમાં સ્થાન અપાયું.
- દારૂની પરમીટ ઓનલાઇન ભ્રષ્ટાચાર અટકવાનો દાવો.
- ગ્રાહકને જાણ કર્યા વગર એકાઉન્ટ બંધ કરવાનો અધિકાર નથી.
- પાકિસ્તાની દળો આતંકવાદીઓ સાથે મળીને ભારતમાં ઘૂસણખોરી કરવાની ફિરાકમાં.
- વિઠ્ઠલભાઇ રાદડિયાએ દિલ્હીમાં આરોગ્ય સેવા લીધી.
- ગાંધીનગરમાં ૯મી સપ્ટેમ્બરે ખેડૂતો માટે વાઇબ્રન્ટ સમિટ યોજાશે.
- અનોખી ઓફર, કાર ઉપર જાહેરાત લગાવો અને બદલામાં ૩ વર્ષ સુધી હપ્તા ભરશે કંપની.